# Fourth Round of Foreign Office Consultations between India and Tunisia

April 30, 2021

---

# ભારત અને ટ્યુનસિયિા વચ્ચે ફોરેન ઓફસિ કન્સલ્ટેશનનો ચોથો રાઉન્ડ

એપ્રિલ 30, 2021

ભારત-ટ્યુનિસિયા ફોરેન ઓફિસ કન્સલ્ટેશનનો ચોથો રાઉન્ડ 20 એપ્રિલ 2021ના રોજ વર્ચ્યુઅલ રીતે થયો હતો. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંજય ભટ્ટાચાર્ય (સેક્રેટરી સીપીવી અને ઓઆઈએ)એ સંભાળ્યું હતું, જ્યારે ટ્યુનિસિયાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સેક્રેટરી ઓફ સ્ટેટ મોહમદ અલી નફતીએ સંભાળ્યું હતું. બંને પક્ષના રાજદૂતો સહિતના વરિષ્ઠ અધિકારીઓએ આ મંત્રણામાં ભાગ લીધો હતો.

બંને પક્ષોએ હુંફાળા અને મૈત્રીપૂર્ણ પરંપરાગત સંબંધોની નોંધ લીધી હતી અને રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, વ્યાપાર અને કોન્સ્યુલર સહિત દરેક ક્ષેત્રમાં દ્વિપક્ષીય સંબંધોની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા તથા દ્વિપક્ષીય સહકારને ભાવિ દિશા આપવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ટ્યુનિસિયાએ ભારતની સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણી અંગે ખુશી વ્યક્ત કરીને ટેકો જાહેર કર્યો હતો, જે ઉજવણી 2021-2022 દરમિયાન કરવામાં આવશે. ટ્યુનિસિયાના ઈન્ટરનેશનલ સોલર એલાયન્સમાં જોડાવાના નિર્ણયને ભારત તરફથી આવકારવામાં આવ્યો હતો.

બંને પક્ષોએ આર્થિક અને ટેક્નોલોજી જોડાણને વિસ્તારવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વ્યાપારનું વોલ્યુમ સતત વધારવા હાકલ કરી હતી. તેમણે રિન્યુએબલ એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન અને ઓટોમોબાઈલ, ટેક્સ્ટાઈલ, કૃષિ, દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સ, હેલ્થકેર, આઈસીટી, એસએમઈ અને ઉર્જા જેવા ક્ષેત્રમાં રોકાણની તકની નોંધ લીધી હતી. તેમણે પરસ્પર હિત માટે બિઝનેસ સમુદાયને નિકટતાથી જોડાવા વિનંતી કરી હતી.

બંને પક્ષોએ કોવિડ-19 રોગચાળાની અસરનો સામનો કરવાના પગલાંની ચર્ચા કરી હતી અને કોવિડ-19 સંબંધિત મુદ્દે સહકારને બિરદાવ્યું હતું.

યુએનએસસીના સભ્ય તરીકે તેમણે પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દા પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું જેમાં વૈશ્વિક મુદ્દા પર બંને પક્ષના વિચારોની સમાનતા પર ભાર મૂકાયો હતો.

બંને પક્ષો નિયમિત મુલાકાતો અને વિચારવિમર્શ દ્વારા સંબંધોની ગતિને આગળ વધારવાના મહત્ત્વ અંગે સહમત થયા હતા. તેઓ પરસ્પર અનુકુળ તારીખે નવી દિલ્હી ખાતે મંત્રીના સ્તરે આગામી જોઈન્ટ કમિશનની બેઠક યોજવા સહમત થયા હતા.

**નવી દલ્હિી**
**એપ્રલિ 30, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.